



એપ્રિલમાં બની રહ્યો છે ત્રીજા વિશ્વયુદ્ધનો યોગ...શનિ-મંગળ હાહાકાર મચાવશે

# શું આ મહિનો મહાવિનાશકારી છે?

એપ્રિલ મહિનામાં રચાતો ખાતરનાક યોગ મહાવિનાશનો સંકેત આપે છે ત્યારે પ્રશ્ન ઊભો થાય કે શું એપ્રિલ મહિનો ખરેખર મહાવિનાશનો મહિનો છે? શું મંગળની ક્રૂર દૃષ્ટિ યુદ્ધની આગમાં ઘી હોમવા જેવું કામ કરશે? આ મહિને મંગળ અગ્નિ તત્ત્વમાં પ્રવેશ કરશે. જ્યારે જ્યારે મંગળનું મેષ રાશિમાં ગોચર થાય ત્યારે શનિ પર તે ક્રૂર દૃષ્ટિ પાડે છે, જેનાથી દ્વંદ્વયોગ બને છે, જે ઘાતક બની શકે છે. શનિ અને રાહુની વિનાશકારી યુતિ પણ પરમાણુ હથિયારોના ઉપયોગનો સંકેત આપે છે. આ ઉપરાંત સૂર્યનો મેષમાં સીધો પ્રવેશ-મોટા દેશો વચ્ચે સત્તા-સંઘર્ષ માટે સીધા ઘર્ષણનો યોગ બનાવે છે. આવો જ યોગ 1917 અને 1939માં પણ બન્યો હતો ત્યારે વિશ્વયુદ્ધ થયું હતું.આજના સમયમાં જોઈએ તો વર્લ્ડ ઓર્ડર બદલાયેલો છે. એક બાજુ ઈઝરાયેલ અનેઅમેરિકા જેવા શક્તિશાળી દેશો છે. તો બીજી બાજુ ઈરાન અને તેના મદદગાર દેશો! બીજા વિશ્વયુદ્ધ વખતે જે પ્રમાણે ગ્રહોની સ્થિતિ હતી, બરાબર એ જ સ્થિતિ એપ્રિલમાં બની રહી છે. શનિ-મંગળનો આમનો સામનો પણ લોહિયાળ સ્થિતિનો સંકેત આપે છે.

**યુદ્ધ-સમુદ્રમાં લડાશે**

ઈતિહાસ સાક્ષી છે કે જ્યારે જ્યારે અશુભ અને પાપી ગ્રહોની શ્રેણીમાં આવતા ગ્રહો શનિ, રાહુ, મંગળ અને કેતુની યુતિ બને છે, ત્યારે વિનાશકારી ઘટનાઓ ઘટે છે. હાલ શનિ-મીન રાશિમાં ભ્રમણ કરે છે. મીન વ્યય અને નુકસાનની રાશિ છે. આ સમયમાં મંગળ અને રાહુની યુતિ હતી, તે વિસ્ફોટકારક હતી. જ્યારે અગ્નિકારક મંગળ-જળ સાથે ભળશે તો એન્ટી એનર્જીનું ઘર્ષણ થશે. આવામાં ગણતરીઓ મુજબ સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાં આંદોલન એટલે લડાઈ પરાકાષ્ઠાએ પહોંચી જશે.

**મોટા ધમાકાની તારીખ**

શનિ અને મંગળની યુતિ તેમ જ એ પણ તેના નક્ષત્રમાં તા. 17, 18 અને 19 એપ્રિલની તારીખોમાં ગ્રહો યુદ્ધની સ્થિતિ બતાવે છે. આ દરમિયાન કોઈ મોટો ધડાકો થઈ શકે છે!

**શું ત્રણ ગ્રહો કરાવશે મહાવિનાશ?**


શનિ, સૂર્ય અને મંગળ- આ ત્રણેય વિસ્ફોટ ગ્રહો છે. સૂર્ય અગ્નિ છે. મંગળ બારુદ માચીસની સળી અને શનિ લોઢું. આ ત્રણેય ગ્રહો એવા છે કે, જેની વિશ્વયુદ્ધ 1962 અને તમામ યુદ્ધોમાં તેમની ભૂમિકા જ રહી છે. ત્યાં મીન રાશિ સમુદ્રમાં હલચલ રહેશે. આ જ કારણે હોર્મુઝ જંગનું મેદાન બન્યું છે. 2 એપ્રિલે મંગળ આવ્યો છે. 17 થી 20 એપ્રિલમાં મંગળ અને શનિની યુતિ થાય છે સાથે સૂર્ય પણ હશે. 2 એપ્રિલથી તણાવ વધતાં વધતાં 20-22 એપ્રિલ સુધી યુદ્ધની તીવ્રતા પણ ઘણી વધશે.

**હાલનું સંકટ**

જો અમેરિકા એવો નિર્ણય કરે કે પરમાણુ હુમલો થશે તો એવું નથી કે આમતેમથી હુમલા થશે! 1 કે 2 પરમાણુ હુમલા બહુ છે. 1945માં જાપાન બાદ કયાંય પરમાણુ બોમ્બ પડયો નથી. આ યુદ્ધ લંબાશે. ભીષણ થશે. કારણ કે ટ્રમ્પ પોતાની મૂર્ખતાઓને કારણે અમેરિકાને એક મહિનાથી યુદ્ધમાં ખેંચી લાવ્યા છે. જ્યારે અમેરિકામાં બોમ્બ અને મિસાઈલો ઘટી રહ્યાં છે. 650 થાડ મિસાઈલ લોકહીટ માર્ટિન બનાવે છે. જે અડધી ખતમ થઈ ગઈ છે.

**ઈરાન હારશે પરંતુ હારતાં હારતાં એવા ઘા આપી જશે કે અમેરિકાની સર્વોપરિતા રહેશે નહીં!**

ઈરાન અને અમેરિકા-ઈઝરાયલ વચ્ચેનું યુદ્ધ જાણે અટકવાનું નામ જ નથી લેતું. યુદ્ધ રોકવાના પ્રયત્નો થઈ રહ્યા છે. પરંતુ સ્થિતિ જોતાં હજુ આગળ ભીષણ પરિસ્થિતિ ઊભી થાય એવા સંકેતો મળી રહ્યા છે. આ બધા વચ્ચે પરમાણુ યુદ્ધ અને ત્રીજા વિશ્વયુદ્ધની ચર્ચાઓ જોરશોરથી થઈ રહી છે. કારણ કે અમેરિકા અને ઈઝરાયેલ પરમાણુ હથિયારોથી સજ્જ દેશો છે, જ્યારે ઈરાનનું મનોબળ પરમાણુ બોમ્બ જેવું છે!



કાળચક્ર

યજ્ઞાનંદ

# પિતૃઓને હાજર કરતી નારાયણ બલિ



ચૈત્ર મહિનાના કૃષ્ણ પક્ષને પિતૃકાર્ય માટે શ્રેષ્ઠ માનવામાં આવે છે. એમ તો આખો ચૈત્ર મહિનો પિતૃ માસ તરીકે ઓળખાય છે. તેમાં પિતૃઓને ખુશ કરવા અથવા પિતૃઓના આશીર્વાદ મેળવવા તેમ જ પિતૃઓની શાંતિ માટે ખાસ પિતૃ શ્રાદ્ધ-નારાયણ બલિ, વિધિ કરવામાં આવે છે. તા. 3 એપ્રિલ 2026થી ચૈત્ર વદ એકમ, શુક્રવારથી તા. 17 એપ્રિલ 2026 શુક્રવાર ચૈત્ર અમાસ સુધીના 15 દિવસમાં મોટા ભાગની સમસ્યાઓ પિતૃઓની વિધિ કરવાથી દૂર થાય છે.

માતૃ શ્રાદ્ધ માટે સિદ્ધપુર, પિતૃ શ્રાદ્ધ માટે ગયાજી અને સર્વ પિતૃઓ માટે ચાણોદ શ્રેષ્ઠ છે. ચૈત્ર મહિનાના પુણ્યશાળી દિવસોમાં પિતૃકર્મનો વિશેષ મહિમા છે.

વડોદરા જિલ્લાના ડભોઈ તાલુકાના નર્મદા નદીના કિનારે યાત્રાધામ ચાણોદમાં આ 15 દિવસ દરમિયાન દસ હજારથી વધુ લોકો ચાણોદ ખાતે ચૈત્ર માસમાં વિવિધ વિધિ તેમ જ ચાણોદ ખાતે ચૈત્ર માસમાં વિવિધ વિધિ તેમજ તર્પણ કરાવે છે. નર્મદા નદીમાં સ્નાન કરીને ચાણોદ ત્રિવેણી સંગમ ખાતે કાલસર્પ દોષ, નારાયણ બલી સહિતની વિધિથી પિતૃતર્પણ કરાવે છે.

અમાસની તિથિ હોય ત્યારે કાલસર્પ સહિત ગ્રહ શાંતિ વિધિ માટે પણ લોકોની ભીડ જમા થતી જોવા મળે છે.

ચૈત્ર બાદ વૈશાખ મહિનાની શરૂઆત થશે. 'ચૈત્ર, વૈશાખ, અધિક માસ પિતૃઓની શાંતિ માટે શ્રેષ્ઠ છે' તેથી આ ત્રણ મહિના ચાણોદ ખાતે નારાયણ બલિ, કાલસર્પ દોષ વિધિ, નવગ્રહ શાંતિ, પંચબલિ વગેરે વિધિઓ કરવા માટે શ્રદ્ધાળુઓ ધૂમ મચાવશે. કારણ કે આ ત્રણ મહિના શ્રી હરિ વિષ્ણુના છે, નારાયણના છે. નારાયણ બલિ એટલે નારાયણ વિષ્ણુની પૂજા જ હોય છે અને શ્રી હરિ વિષ્ણુ ભગવાન જ તમારા પિતૃઓને સદ્દગતિ અને મોક્ષ આપે છે. તેથી તેનો એક વખત જરૂરથી લાભ લેવો જોઈએ. ઝડપથી સુખી થવા માટેનો આ સહેલો અને સરળ રસ્તો છે.

**ચૈત્ર મહિનાનું શાસ્ત્રમાં મહત્ત્વ**

ચૈત્ર મહિનાનું આપમા શાસ્ત્રમાં ઘણું મહત્ત્વ છે. સાથે ચૈત્ર અમાસનું પણ એક વિશેષ મહત્ત્વ છે. અમાસના દેવ-પિતૃ દેવ છે. શાસ્ત્રમાં લખ્યું છે કે, આયુષ્ય, સંતાન, વૈભવ, સુખ-આનંદ, માન-સન્માન ફક્ત પિતૃકૃપાથી પ્રાપ્ત થાય છે. ખાસ કરીને લોકો અમાસના દિવસે ત્રિવેણી સંગમ ખાતે સ્નાન કરીને પિતૃકૃપા પ્રાપ્ત કરવા માટે, પિતૃતર્પણ, પિંડદાન, નારાયણ બલિ, સર્પદોષ, શ્રાદ્ધ વગેરે શ્રદ્ધાથી કરીને ખૂબ સુખી થઈ જાય છે.

ચૈત્ર માસમાં પ્રેતબલિ-નારાયણ બલિ માટે સૌથી શ્રેષ્ઠ ચૈત્ર અમાસ. ચૈત્ર માસની અમાસ પ્રેત આત્માની શાંતિ માટે ઉત્તમ સમય છે, તેમ જ નારાયણ બલિ માટે શક્તિશાળી મુહૂર્ત છે.ચૈત્ર કૃષ્ણ પક્ષ. અમાસ પહેલાંના દિવસો, આ સમયમાં પણ વિધિ કરી શકાય છે. પરંતુ ખાસ કરીને દસમથી ચૌદસ તિથિ સુધી વધારે યોગ્ય છે. જો આ તિથિ સોમવાર અથવા ગુરુવારે આવે તો વધુ શુભ માનવામાં આવે છે. જ્યારે નક્ષત્ર પ્રમાણે પુનર્વસુ, શ્રવણ, રેવતી વગેરે સમયમાં વિધિ કરવાથી વધુ ફળ મળે છે.

પિતૃઓની વિધિ શેના માટે કરાય?

અચાનક મૃત્યુ, આત્માની શાંતિ માટે

**પિતૃદોષ નિવારણ માટે**

સંતાન, લગ્ન, ધન સમસ્યા દૂર કરવા માટે ચૈત્ર અમાસ + કૃષ્ણ પક્ષ = શ્રેષ્ઠ સમય

યોગ્ય સ્થળ અને મુહૂર્તથી કરશો તો જ સંપૂર્ણ ફળ મળશે બાકી ઘણી વખત નારાયણ બલિ કરાવશો તો પણ ત્યાં ને ત્યાં જ રહેશો. મતલબ પિતૃઓના સાચા આશીર્વાદ મળે નહીં અને સમસ્યા દૂર નહીં થાય.

**પિતૃઓ પણ હાજર થાય છે**

યંત્ર-મંત્ર-તંત્ર

યજ્ઞેશ ત્રિવેદી

હંમેશાં જાણકાર વ્યક્તિ પાસે તેમ જ સંપૂર્ણ વિધિવિધાન સહિત નારાયણ બલિ થાય તે જરૂરી છે. એટલું જ નહીં, અમે જાણકારીથી શકય હોય ત્યાં સુધી વિધિના અંતમાં પિતૃઓ પણ હાજર કરતા હોઈએ છીએ. જેના કારણે જો શાસ્ત્રોકત વિધિવિધાન છતાં પણ જો પિતૃઓની કોઈ ઈચ્છા અધૂરી રહી ગઈ હોય તો 'સાક્ષાત્ પિતૃઓ હાજર થવાથી, તેમની લાગણી, માંગણી કે અધૂરી ઈચ્છા કે કંઈક કહેવાનું રહી ગયું હોય અથવા ખાવા-પીવાની ઈચ્છા રહી ગઈ હોય તો બધી જ મંત્રશક્તિથી પિતૃઓને હાજર કરીને બોલાવવાથી તેમની ઈચ્છાઓ જાણી તેનું પણ સચોટ માર્ગદર્શન મળવાથી તમારાં પિતૃઓને સદ્દગતિ, મોક્ષ મળે છે. બીજી તરફ વિધિ કરાવનાર કુટુંબનાં બધાંને ઘણાં પિતૃઓ ફક્ત આશીર્વાદ આપે છે અને પછી જ છુટકારો મેળવે છે. બળીને, સળગીને, ડૂબીને, આપઘાત કરીને, કરંટ લાગવાથી, વીજળી પડવાથી, પાણીમાં ડૂબવાથી, આગ,અકસ્માતથી નાની ઉંમરમાં પિતૃઓ મૃત્યુ પામ્યાં હોય તેમણે તો ખાસ આ વિધિ કરાવવી જોઈએ, કારણ કે તમારા કુટુંબમાંથી જ કોઈ પિતૃઓનું અકાળ અવસાન થયું હોય ત્યારે તેનો આત્મા ભટકે છે. તે પ્રેત બને છે. ભૂત બને છે. કાગડો બને છે. સર્પ બને છે અને આ બધા જ આત્માઓ ભટકતાં-ભટકતાં, તડપી-તડપીને છુટકારો મેળવવા કોશિશ કરતાં હોય છે તેથી તેઓ તમારા કુટુંબને જીવનની બધી જ સમસ્યાઓમાં ભારે હેરાન પરેશાન કરતાં હોય છે. તેથી તે પ્રેત આત્માને (પિતૃરૂપી) છુટકારો આપવાથી તમારું કુટુંબ હલકું થઈ જશે. કોઈ સમસ્યા નહીં રહે. ઘરમાં મંગલ પ્રસંગો આવશે, લગ્નો થશે, સંતાન થશે, દેવામાંથી બહાર અવાશે, રૂપિયા પૈસાની ખેંચ નહીં રહે તથા ઘરમાં પવિત્ર અને ખુશ વાતાવરણ રહેશે.

જ્યારે બીજી તરફ આ વિધિ કરાવવાથી ઘરમાં કારણ વગર કકળાટનું ઘર થાય છે. ઋષિ મુનિઓએ બધા જ ઉપાય રસ્તાઓ બતાવ્યા છે. જેમાં બંધાઈ રહેવું કે છૂટવું તે આપણા હાથમાં છે.

> **“ પિતૃઓની વિધિ પછી ઘણા જાણકારો પાણી છાંટીને પિતૃઓને બોલાવે છે. પરંતુ તેમાં સફળતા મળતી નથી હોતી. અમે મંત્રશક્તિથી પાણીનો છંટકાવ કરીને પિતૃઓને ખાસ બોલાવીએ છીએ. કોઇ પિતૃઓની અધૂરી ઇચ્છા.. કંઇક કહેવાની ખાવાપીવાની જીવવાની વગેરે પણ જો રહી જતી હોય તો પણ તમે તેનાથી દુઃખી થાવ છો.. તે પણ હાજર કરીને સમાધાન થાય છે! ”**

# રોગોને દૂર કરતી રત્નોની અદ્ભુત જોડી

પાંચમા ભાવથી છઠ્ઠો ભાવ બારમે થાય છે. એટલે પંચમેશનું રત્ન ધારણ કરવાથી રોગોનો નાશ સંભવ છે.

લગ્નાધિપતિ તથા પંચમાધિપતિનાં રત્નોની જોડી સ્વાસ્થ્યવર્ધક, રોગનાશક તથા સમૃદ્ધિકારક માનવામાં આવે છે.

દરેક લગ્ન માટે રત્નોની જોડી આ પ્રકારે છેઃ-

**મેષ લગ્ન માટેઃ-** લાલ મંગળ તથા માણેકની જોડી.
**વૃષભ લગ્ન માટેઃ-** હીરો તથા પન્નાની જોડી.
**મિથુન લગ્ન માટેઃ-** પન્ના તથા હીરાની જોડી.
**કર્ક લગ્ન માટેઃ-** મોતી તથા લાલ મંગળની જોડી.
**સિંહ લગ્ન માટેઃ-** માણેક તથા પીળા પોખરાજની જોડી.
**કન્યા લગ્ન માટેઃ-** પન્ના તથા ફિરોજાની જોડી.
**તુલા લગ્ન માટેઃ-** હીરા તથા નીલમની જોડી.
**વૃશ્ચિક લગ્ન માટેઃ-** લાલ મંગળ તથા પોખરાજની જોડી.
**ધન લગ્ન માટેઃ-** પીળો પોખરાજ અને લાલ મંગળની જોડી.
**મકર લગ્ન માટેઃ-** નીલમ તથા હીરાની જોડી.
**કુંભ લગ્ન માટેઃ-** નીલમ તથા પન્નાની જોડી.
**મીન લગ્ન માટેઃ-** પીળો પોખરાજ તથા મોતીની જોડી.



રોગ વગેરે સંકટો દૂર કરવા માટે રત્નોને ધારણ કરવાનો એક તરફ સવાલ છે. ત્યારે બીજી તરફ આ સંદર્ભમાં વિદ્વદ્જનોમાં મતભેદ છે. પરંતુ લગ્નેશ સંબંધી રત્ન તથા લગ્નેશ પંચમેશના રત્નની જોડી માટે જે ઉપર વર્ણવ્યું છે તે ઉપચારની દૃષ્ટિએ વિશ્વસનીય, લાભપ્રદ તથા યુક્તિસંગત જોવા મળે છે.

સમસ્યા અને સમાધાન

વાય.જે.ટી.

જ્યાં સુધી દ્વિતીયેશ, ષષ્ઠેશ, સપ્તમેશ, અષ્ટમેશ તથા એકાદશેસનો પ્રશ્ન હોય તો કેટલાક વિદ્વાનો રોગોને દૂર કરવા માટે તેનાં રત્નોના ઉપયોગ કરવા પરામર્શ/માર્ગદર્શન આપે છે. પરંતુ સાથે સાથે તે ગ્રહોની તે સમયે દશા ચાલી રહેલી હોવી જોઈએ.

જ્યોતિષશાસ્ત્રમાં એક માન્યતા ગ્રહ પણ છે, જે વિભિન્ન ગ્રહોની જુદા જુદા શરીરનાં અંગો પર અધિકાર છે તથા જો આવામાં પાપી ગ્રહ અસ્ત, નિર્બળ તથા ખરાબ સ્થાનોમાં હોય તો તે તે અંગોમાં રોગ આપી શકે છે. આવી દશામાં ઉપરોક્ત ગ્રહ સંબંધિત રત્ન ધારણ કરીને રોગોને દૂર કરી શકાય છે.

સામાન્ય રીતે રત્નોનો ઉપયોગ ગ્રહોની અશુભતા દૂર કરવા માટે ધન, યશ તથા શક્તિની પ્રાપ્તિ તેમ જ આયુષ્ય વધારો કરવા માટે કરી શકાય છે પરંતુ આ રત્નોમાં એક અન્ય શક્તિ પણ રહેલી છે. તેનામાં કઠિન રોગોને દૂર કરવાની ક્ષમતા પણ પોતાનામાં રહેલી છે.

માનવશરીરમાં કોઈ પણ રંગની ઊણપના કારણે કોઈ પણ તાવ, નબળાઈ, શક્તિહીનતા, તેમ જ લોહીની કમી હોય છે. તે વધારે હોવાથી બળતરા, ફોલ્લા-ફુલ્લીઓ, લૂ, પાગલપન, અનિદ્રા તેમ જ માથાનું દર્દ વગેરે થાય છે.

આ સમસ્ત રોગોનો ઉપચાર ભારતીય જ્યોતિષશાસ્ત્રામાં રત્નોના માધ્યમથી કરવાનો ઉલ્લેખ પણ જોવા મળે છે.

આ સિવાય માનવશરીરમાં આંગળીઓનું પણ મુખ્ય યોગદાન છે. બધી આંગળીઓનો સંબંધ માનવશરીરના આંતરિક ભાગથી છે અને નસો તેનું માધ્યમ છે.

- તર્જની આંગળીનો સંબંધ પેટ અને ફેફસાં સાથે હોય છે.
- મધ્યમાં આંગળીનો સંબંધ મગજ, બુદ્ધિ, કિડની તેમ જ આંતરિક ગ્રંથિઓથી થાય છે.
- અનામિકાનો સંબંધ કિડની, પેટ તેમ જ લોહી વગેરે સાથે જ્યારે કનિષ્ઠિકાનો ઘૂંટણ, પગ, પંજો તેમ જ શરીરના નીચેના ભાગ જોડે હોય છે.

ચંદ્ર અને બુધ ગ્રહનો પેટ સાથે, સૂર્ય અને શનિનો અપચન, મંગળનો પેટના નીચેના ભાગે, ગુરુનો કિડની તેમજ શુભ ગ્રહની ગ્રંથિઓ સાથે સંબંધ છે.

રોગ, શોક, પરિતાપ, બંધન તથા વ્યસન (દુઃખ) આત્માપરાધ રૂપી વૃક્ષનું ફળ છે.

પોતાની ભૂલ પોતાની જ લાપરવાહી તથા પોતાના જ દોષોના કારણે આપણે આવા મોટા ભાગના રોગોનો શિકાર બનીએ છીએ!!

કુંડળીમાં 'જન્મ લગ્ન' જ આપણાં શરીર તથા માનસિક આરોગ્ય અને આત્મબળનું મુખ્ય નિયંત્રક છે. લગ્ન તથા લગ્નાધિપતિ કુંડળીમાં બળવાન હોય તો રોગ તથા કષ્ટો દૂર થઈ જવાની પ્રબળ સંભાવના રહેલી હોય છે. જો લગ્ન અને લગ્નેશ પર પાપ ગ્રહનો પ્રભાવ હોય તથા નબળો હોય તો આવા જાતકમાં રોગ અને કષ્ટોનો સામનો કરવાની ક્ષમતા ઓછી હોય છે. એટલે વિદ્વાન જ્યોતિષી રોગો તથા કષ્ટોને દૂર કરવા માટે એ પરામર્શ આપે છે કે, લગ્નેશ સંબંધિત રત્ન ધારણ કરીને લગ્નેશને બળશાહી બનાવવો તેમ જ રોગકારક કે કષ્ટકારક ગ્રહોની શાંતિ, પૂજા, પાઠ, અનુષ્ઠાન, મંત્ર જાપ તથા દાન ધર્માદિ વિધિ-વિધાનથી કરાવવામાં આવે. આજકાલ બજારમાં દરેક ગ્રહનાં નકલી રત્નો મળે છે. પીળું એટલું સોનું નથી હોતું. તેથી વિશ્વાસપાત્ર જગ્યાએથી સાચાં રત્નો ખરીદીને તેનું સાચું રિઝલ્ટ મેળવી શકાય. નકલીને ખોટાં રત્નો બિલકુલ રિઝલ્ટ ના આપે!

> **“ પોતાની જ ભૂલ, લાપરવાહી તથા પોતાના જ દોષોના કારણે આપણે મોટા ભાગના રોગોના શિકાર થઈ જઈએ છીએ! રોગ, શોક, પરિતાપ, બંધન તથા વ્યસન, દુઃખ... આત્માપરાધ રૂપી વૃક્ષનું ફળ છે ”**

## ઘર અને દુકાનની બહાર કેમ લટકાવવામાં આવે છે

# 'લીંબુ-મરચાં'?



મોટા ભાગે આપણે જોઈએ છીએ કે દુકાન, ઘર અને સંસ્થાઓની બહાર લવિંગ, લીંબુ અને મરચાં લટકાવીને રાખે છે. એવી માન્યતા છે કે ઘર પર લીંબુ અને મરચાં લટકાવવાથી ખરાબ નજર લાગતી નથી. એવું માનવામાં આવે છે કે લીંબુનો ખાટ્ટો અને મરચાંનો તીખો સ્વાદ ખરાબ નજરવાળી વ્યક્તિની એકાગ્રતા ભંગ કરી દે છે, જેના કારણે એ વધારે સમય સુધી ઘર અથવા દુકાનને જોઈ શકતાં નથી. ઘરનાં વૃદ્ધ લોકો એવી સૂચના આપે છે કે જો રસ્તામાં ક્યાંક લીંબુ-મરચાં પડ્યાં હોય તો ભૂલથી પણ તેમને ઓળંગવાં ન જોઈએ અથવા તેના પર પગ મૂકવો જોઈએ નહીં. આનાથી તમારા પર નકારાત્મક ઊર્જાની અસરો થઈ શકે છે. પૈસા અથવા ઘરમાં નકારાત્મક ઊર્જાની અસરોને દૂર કરવા માટે તેઓ આમ કરે છે. ઘણી વાર લોકો લીંબુ-મરચાંના ટોટકા કર્યા બાદ રસ્તા પર ફેંકી દે છે જેથી તેના સંપર્કમાં આવતાં અન્ય લોકો તેનાથી પ્રભાવિત થાય.

**લીંબુનો રસ પાણી ન મળે તો કાઢીને પી લેતા :** આ બધી વાતો વચ્ચે સત્ય કંઈક અલગ છે. જો કે તમે બધાં જ જાણો છો કે પહેલાંના જમાનામાં કાચા રસ્તા હતા. લોકો એક જગ્યાએથી બીજી જગ્યાએ જવા માટે બળદ ગાડું કે ઘોડા ગાડી જેવાં વાહનોનો ઉપયોગ કરતાં હતાં. તેવામાં એ લોકો પોતાની ગાડીમાં લીંબું ને મરચાં લટકાવીને ચાલતાં હતાં. આનાં બે કારણ હતાં : પહેલું કારણ રસ્તામાં પાણી ન મળે તો લીંબુનો રસ કાઢીને પી લેતાં હતાં જેથી શરીરને રાહત મળતી હતી. ખાસ કરીને ગરમીમાં લીંબુને સાથે રાખવું ખૂબ લાભકારક હતું.

**સાપના ઝેરની તપાસ કરવાનો ઉપાય**

બીજું કારણ એ છે કે આ કાચા અને જંગલના રસ્તામાં સાપ કરડવાનો ડર પણ રહેતો હતો. આવામાં કરડેલો સાપ ઝેરીલો હતો કે નહીં તે જોવા માટે મરચાંનો ઉપયોગ થતો હતો.

જો મરચું ખાવાથી જીભ પર કોઈ સનસની કે બળતરા થાય નહીં તો સમજવું કે સાપ ઝેરીલો હતો અને જો મરચાંની બળતરા જીભ પર થાય તો સમજવું કે સાપ ઝેર વગરનો હતો. જો કે આ ઝેરની તપાસ કરવાનો ઉપાય કેટલો કારગર હતો એ તો એ લોકો જાણે.

તો બીજી બાજુ આ પાછળ વૈજ્ઞાનિક માન્યતા એ છે કે જ્યારે આપણે મરચું લીંબુ જેવી ચીજો જોઈએ છીએ તો આપણા મનમાં તેનો સ્વાદ મહેસૂસ થવા લાગે છે જેના કારણે એ વધારે સમય સુધી જોઈ શકતાં નથી અને ત્યાંથી એનું જલદી ધ્યાન હટાવી દઈએ છીએ. સાથે એવું પણ માનવામાં આવે છે કે લીંબુ-મરચાંમાં કીટાણુનો નાશ કરે એવા ગુણ હોય છે,જેને લટકાવવાથી ત્યાંના વાતાવરણમાં સકારાત્મક ઊર્જાનો સંચાર થાય છે. આપણા દેશમાં વર્ષોથી દુકાન, ઘર અને કારમાં લીંબુ-મરચાં લટકાવીને રાખવામાં આવે છે. આવું માત્ર ખરાબ નજરથી બચવા માટે કરવામાં આવે છે. ઘણાં લોકો પોતાની દુકાનમાં લીંબુ-મરચાં એટલા માટે રાખે છે કારણ કે તેમના ધંધાને કોઈની ખરાબ નજર ન લાગી જાય.

નકારાત્મકતા દૂર કરવા માટે મોટા ભાગનાં લોકો લીંબુ-મરચાંનો ઉપયોગ કરે છે. હકીકતમાં, એવું માનવામાં આવે છે કે ઘરની બહાર લીંબુ-મરચાં લટકાવવાથી અન્ય લોકોની ખરાબ નજરથી આપણે બચી શકીએ છીએ.

જડીબુટ્ટી

નજુમી

મનોવૈજ્ઞાનિકનું માનવું છે કે લીંબુ, તરબૂચ, સફેદ કોળું અને મરચાંને તંત્ર ટોટકામાં વિશેષ રૂપે વાપરવામાં આવે છે. લીંબુનો ઉપયોગ ખરાબ નજર સાથે સંબંધિત બાબતોમાં કરાય છે. તેનું સૌથી મહત્ત્વનું પૂર્ણ કારણ છે તેનો સ્વાદ. લીંબુ ખાટું અને મરચાં તીખાં હોય છે.બન્નેના આ ગુણ માણસની એકાગ્રતા અને ધ્યાનને તોડવામાં સહાયક છે. આ એક મનોવિજ્ઞાન છે કે આપણે આમલી, લીંબુ જેવી વસ્તુઓને જોતાં જ આપમેળે જ તેના સ્વાદનો અનુભવ આપણી જીભ પર થવા માંડે છે, જેથી આપણું ધ્યાન બીજી વસ્તુઓથી હટીને માત્ર તેના પર ટકી જાય છે.

કોઈની નજર કોઈ દુકાન કે બાળકને લાગે છે જ્યારે એ એકાગ્ર થઈને એકીટશે તેને જુએ છે. લીંબુ-મરચાં લટકાવવાથી જોનારાંઓનું ધ્યાન તેના પર જાય છે અને તેમની એકાગ્રતા ભંગ થઈ જાય છે. એવામાં વ્યાપાર પર ખરાબ નજરની અસર થતી નથી. સાથે જ એ પણ કહેવાય છે કે લીંબુ નેગેટિવ એનર્જીને શોષી લે છે અને વાતાવરણને સકારાત્મક ઊર્જાથી ભરેલું બનાવી રાખે છે.

**વૈજ્ઞાનિક કારણ**

તો ચાલો, આપણે સાચાં વૈજ્ઞાનિક કારણ પર આવીએ, જેના કારણે લીંબુ- મરચાં ઘર અને ગાડીમાં લગાવવાથી લાભ મળે છે. જેમ કે આપણે બધાં જાણીએ છીએ કે લીંબું અને મરચાં બન્નેમાં વિટામિન સી અને અન્ય મિનરલ્સ ભરપૂર માત્રામાં હોય છે. આવામાં જ્યારે આ બન્નેમાંથી દોરો પરોવવામાં આવે છે ત્યારે તે બધાં વિટામિનને શોષી લે છે. પછી એ વિટામિન હવાના માધ્યમથી વાતાવરણમાં ફરતાં રહે છે અને આપણા શ્વાસ દ્વારા આપણા શરીરમાં દાખલ થાય છે. આ રીતે વિટામિન આપણાં શરીરમાં પ્રવેશ કરે છે.

**બસ આ જ કારણ છે :** લીંબુ અને મરચાંને દોરામાં બાંધીને ઘર કે બીજે ક્યાંય લટકાવવાથી લાભ મળે છે. જો કે ભારતમાં લોકો આ કારણ નથી સમજતાં અને વ્યર્થ શ્રદ્ધાથી ચાલીને પ્રયોગ કરે છે. કોઈ સારું કાર્ય થાય તો લીંબુ મરચાં લગાવી દે છે કાં તો પછી ખરાબ નજરથી બચવા માટે તેનો ઉપયોગ કરે છે.

લીંબુંની સુગંધ સમગ્ર વાતાવરણને શુદ્ધ અને સુગંધિત કરીને તેને એમ જ જાળવી રાખે છે અને લીંબુની સુગંધ સમગ્ર વાતાવરણમાં હોવાના લીધે કીડા-મંકોડા પણ દૂર ભાગી જાય છે. આમ લીંબુની સુગંધથી કીડા-મંકોડા દૂર થઈ જતાં હોવાના લીધે તેમના દ્વારા ફેલાતા રોગોનું પ્રમાણ ઓછું થઈ જાય છે. લીંબુ અને મરચાંના લટકણમાં રહેલ મરચાંની પણ તીખી સુગંધ હવાને સ્વચ્છ બનાવી રાખે છે અને બીમારીઓ આપણાથી દૂર રહે છે.

> **“ પૈસા અથવા ઘરમાં નકારાત્મક ઊર્જાની અસરોને દૂર કરવા માટે તેઓ આમ કરે છે. ઘણી વાર લોકો લીંબુ-મરચાંના ટોટકા કર્યા બાદ રસ્તા પર ફેંકી દે છે જેથી તેના સંપર્કમાં આવતાં અન્ય લોકો તેનાથી પ્રભાવિત થાય ”**